| |
|---|
| **ઝઘડીયાના મે.એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.ઝઘડીયા. જિલ્લો ભરૂચ** |

**<u>ક્રિમીનલ કેસ નં.૩૮૭૦/૨૦૨૩</u>**
**આંક–**

**::ફોર્મ–એ::**

| **એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, મુ.ઝઘડીયા, જિલ્લો ભરૂચ**<br>હુકમની તારીખ:– ૨૦/૦૫/૨૦૨૬<br>**ક્રિમીનલ કેસ નં.<u>૩૮૭૦/૨૦૨૩</u>** | |
|---|---|
| **પોલીસ સ્ટેશન** | રાજપારડી પો.સ્ટે. તા.ઝગડીયા, જી.ભરૂચ |
| **ગુન્હો** | ઈ.પી.કો કલમ ઈ.પી.કો કલમ ૨૭૯,૩૩૭,૩૩૮ તથા<br>એમ. વી. એકટ કલમ–૧૭૭,૧૮૪ મુજબ |
| **ફરીયાદી** | શ્રી સરકાર |
| **ફરીયાદી તરફે** | વિ.એ.પી.પી.શ્રી એ.સી.સોલંકી |

**–:: વિરૂઘ્ધ ::–**

| | |
|---|---|
| **આરોપી** | રાકેશભાઈ મંગુભાઈ મછાર,<br>રહે.ચૌર્યાસી,તા.કામરેજ,જી.સુરત<br>મુળ રહે. દાહીયા હુકીમાલ,તા.ઝાલોદ,જી.દાહોદ. |
| **આરોપી તરફે** | વિ.વકીલશ્રી–એ.કે.ચૌહાણ. |

**::ફોર્મ–બી::**

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | તા.૦૫/૦૬/૨૦૨૩ |
| એફ.આઈ.આરની તારીખ | તા.૦૫/૦૬/૨૦૨૩ |
| ચાર્જશીટ દાખલ થયાની તારીખ | તા.૦૫/૦૯/૨૦૨૩ |
| તહોમતનામા/પ્લીની તારીખ | તા.૦૩/૦૧/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | તા.૧૨/૦૩/૨૦૨૬ |
| હુકમ ઉપર લીધેલાની તારીખ | તા.૨૦/૦૫/૨૦૨૬ |
| હુકમ જાહેર કર્યા તારીખ | તા.૨૦/૦૫/૨૦૨૬ |
| સજાનો હુકમ જાહેર કર્યા તારીખ | – |

**::આરોપી ની વિગત::**

| | |
|---|---|
| આરોપીનો ક્રમ | (૧) |
| આરોપનુ નામ | રાકેશભાઈ મંગુભાઈ મછાર |
| ધરપકડ કર્યા તારીખ | તા. ૦૬/૦૬/૨૩ |
| જામીન મુકત કર્યા તારીખ | તા. ૦૬/૦૬/૨૩ |
| કયો ગુન્હો નોધાયેલ | ઈ.પી.કો કલમ ઈ.પી.કો કલમ ૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ. વી. એકટ કલમ-૧૭૭,૧૮૪ મુજબ |
| છોડી મુકેલ કે સજા કરેલ | છોડી મુકેલ |
| સજા કર્યાની વિગત | - |
| ક્રિ.પો.કોડની કલમ ૪૨૮ મુજબ ન્યાયિક કાર્યવાહી દરમ્યાન જેલમા રહેલ સમય | - |

**::ફોર્મ સી::**

**એ-ફરિયાદપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી**

| ક્રમ. | સાહેદનુ નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | રામસીંગભાઈ દેવલસીંગભાઈની જુબાની | ફરીયાદી | ૧૨ |
| ૨ | પ્રહલાદભાઈ છોટુભાઈની જુબાની | સાહેદ | ૧૫ |

**બી- આરોપીપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી:- સાહેદો તપાસેલ નથી.**
**સી- અદાલતે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી:- સાહેદો તપાસેલ નથી.**
**એ- ફરીયાદપક્ષ દ્વારા આપવામા આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી**

| ક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| ૧. | ૧૩ | ફરીયાદ |
| ૨. | ૧૬ | ગુનાવાળી જગ્યાનુ પંચનામું |
| ૩. | ૧૭ થી ૨૧ | મેડીકલ સર્ટી. |

**બી– બચાવપક્ષ ધ્વારા આપવામા આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:–**
**પુરાવા રજુ નથી.**
**સી– અદાલત ધ્વારા આપવામા આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:–**
**પુરાવા રજુ નથી.**
**ડી– અદાલત સમક્ષ લેવામા આવેલ તકરારો તથા તેનુ વર્ણન:– નથી.**

–: <u>ઠ રા વ</u> :–

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી જીજે.૧૧.ટી.ટી.૯૬૧૬ ના ચાલકે તેના કબજાની હાઈવા ટ્રક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી રોડ ક્રોસ કરવા માટે ઉભા રહેલ ફરીયાદીની મો.સા નં. જીજે.૧૬.સી.એફ.૮૨૫૫ ને અડફેટે લેતા ફરીયાદીને ડાબા પગે ફ્રેકચર કરી તથા કમરના ભાગે ઈજા પહોચાડી તથા પાછળ બેસેલ સાહેદને જમણા હાથની ટચલી આંગળી તથા કમરના ભાગે નાની મોટી ઈજા પહોચાડી, ઈ.પી.કો કલમ ૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટ કલમ–૧૭૭,૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો અત્રેની કોર્ટની હકુમતમાં કરેલો જે બાબતનું ચાર્જશીટ પોલીસે અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) ચાર્જશિટનું સંજ્ઞાન લઈ આ કામના આરોપી કોર્ટમાં હાજર થતાં તેને પોલીસ તપાસના તમામ પેપર્સની નકલો વીના મૂલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ આરોપીની પ્લી લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુનો નાકબુલ કરતાં ફરિયાદ પક્ષનો પુરાવો શરૂ કરવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે પડેલ પુરાવો વંચાણે લેતા ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરી ક્રિ.પ્રો.કોડ ની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ ન આવતા વિશેષ નિવેદન નોધવામા આવેલ નથી તેમજ દલીલો સાંભળવામા આવેલ.

(૪) મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા.૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી જીજે.૧૧.ટી.ટી.૯૬૧૬ ના ચાલકે તેના કબજાની હાઈવા ટ્રક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી રોડ ક્રોસ કરવા માટે ઉભા રહેલ ફરીયાદીની મો.સા નં. જીજે.૧૬.સી.એફ.૮૨૫૫ ને અડફેટે લેતા ફરીયાદીને ડાબા પગે ફ્રેકચર કરી તથા કમરના ભાગે ઈજા પહોચાડી તથા પાછળ બેસેલ સાહેદને જમણા હાથની ટચલી આંગણી તથા કમરના ભાગે નાની મોટી ઈજા પહોચાડી,ઈ.પી.કો કલમ ૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટ કલમ-૧૭૭,૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

મુદ્દા. ૨. શું હુકમ ?

(૫) ઉપરોકત નિર્ણીત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા.૧. નકારમાં,

મુદ્દા.૨. આખરી હુકમ મુજબ.

## (૬) <u>-: કારણો અને ચર્ચા:-</u>

**<u>મુદ્દા.નં.૧ અને ૨ :-</u>**

આ કામે બંને મુદાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય, હકીકતોનુ પુનરાવર્તન ટાળવા તથા સરળતા ખાતર બંને મુદાની ચર્ચા એક સાથે કરવામા આવેલ છે.

(૬.૧) સદરહુ કામે આરોપી ઉપર ઈ.પી.કો કલમ ૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટ કલમ–૧૭૭,૧૮૪ મુજબનો ગુન્હો કર્યા અંગેનુ તહોમત છે. સદરહુ તહોમત નિઃશંકપણે પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલ છે.

ફરીયાદપક્ષ દ્વારા સૌપ્રથમ આ કામના ફરીયાદી રામસીં ગભાઈ દેવલસીંગભાઈ નાઓને આંક–૧૨ થી તથા સાહેદ પ્રહલાદભાઈ છોટુભાઈ નાઓને આંક–૧૫ થી તપાસવામા આવેલ છે. જે પૈકી આંક–૧૨ થી ફરીયાદીએ તેઓની જુબાનીમા બનાવના દિવસે તેઓ તથા પ્રહલાદભાઈ મો.સા પર રાજપારડી હોટલમા જમીને પાછા જતા હતા ત્યારે રાત્રે ૧૨:૩૦ વાગે એક ટ્રક વાળો આવેલ અને તેઓની બાઈકને અથડાયેલો, તેઓને કમરમા ઈજા થયેલ અને પ્રહલાદભાઈને માથમા ઈજા થયેલ તેવી હકીકત જણાવેલ છે. વધુમા ફરીયાદીએ તેઓની જુબાનીમા તેઓને ટ્રકના નંબર કે ચાલકની ખબર નથી, તેઓ ચાલકને જોયેથી ઓળખી શકે નહી કારણકે તેઓએ અકસ્માત સમયે જોયેલ નહી તેવી હકીકત જણાવેલ છે. ત્યારબાદ આંક–૧૫ થી સાહેદ પ્રહલાદભાઈ તેઓની જુબાનીમા તેઓ બનાવ વખતે તેઓ રાજપારડી વળા રોડ ઉપર ઉભા હતા ત્યારે હાઈવા ટ્રક આવેલ અને તેઓના બાઈકને અથડાયેલ તેઓ કુદી ગયેલા તેમજ તેઓને માથાના ભાગે અને પાછળના બરડાના ભાગે ઈજાઓ થયેલ તેમજ રામસીં ગભાઈને પગમા ઈજાઓ થયેલ તેવી હકીકત જણાવેલ છે. વધુમા સદર સાહેદે તેઓની જુબાનીમા હાઈવા ટ્રકનો નંબર

તેઓને ખબર નથી, તેઓ હાઈવા ટ્રકના ચાલકને ઓળખતા નથી, તેઓ સાઈડ પર ઉભા હતા અને હાઈવા ટ્રક આવેલ આથી અકસ્માત થયેલો તેવી હકીકત જણાવેલ છે. આમ, સદરહુ ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ ન હોય ફરીયાદપક્ષ તરફે તેઓને ફરી ગયેલ જાહેર કરી તેઓની ઉલટતપાસ કરવામા આવેલ છે. પરંતુ તેઓની ઉલટતપાસમાથી પણ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ નીવડે તેવી કોઈ હકીકત મળી ઓવલ નથી.

આમ, ફરીયાદી અને સાહેદ પ્રહલાદભાઈનો પુરાવો જોતા સદરહુ બંને સાહેદોએ તેઓના પુરાવામા ફરીયાદપક્ષના કેસને સમર્થન મળી શકે તે મુજબની હકીકતો જણાવેલ નથી. વધુમા સદરહુ બંને સાહેદોએ અકસ્માતવાળુ વાહન આ કામના આરોપી ચલાવતા હોય કે કહેવાતો અકસ્માત આરોપીના બેદરકારીના કારણે બનેલ હોય તે મુજબની કોઈ જ હકીકત તેમના પુરાવામા જણાવેલ નથી. વધુમા આ કામે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ, આરોપીનુ અટક પંચનામુ બંને સાહેદોના સારવાર સર્ટીફિકેટ રેકર્ડ પર આવેલ છે. સારવાર સર્ટીફિકેટ મુજબ પણ ફરીયાદી તથા અન્ય સાહેદને ઈજા થયેલાનુ તો માની શકાય તેમ છે. પરંતુ આ ઈજા આરોપીના બેદરકારીભરી રીતે ચલાવવાના કારણે થયેલાનુ સ્પષ્ટ થતુ નથી. વધુમા આ કામે ટ્રકના માલિકનુ પણ કોઈ નિવેદન લેવામા આવેલ નથી કે જેથી પુરવાર થઈ શકે કે બનાવ સમયે હાલના આરોપી જ ટ્રક ચલાવતા હતા. તપાસ

કરનાર અમલદારે કોઈ જ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધા નથી કે કોઈ વિશેષ તપાસ કરેલ નથી. હાલનો બનાવ એ અડધી રાત્રીની સમયે બનેલો છે જેમા બાઈક સવાર ડીવાઈડર પાસે રસ્તો ક્રોસ કરવા માટે હતા અને તે હાઈવે રોડ ઉપરથી ટ્રક પસાર થતી હતી. આ સંજોગોમાં તપાસ કરનાર અમલદારની જવાબદારી હતી કે તેઓ ટ્રક માલિકનુ નિવેદન નોંધી જે તે સમયે ટ્રકના ચાલક કોણ હતા તે પુરાવો તપાસના કામે મેળવી સામેલ રાખે. વધુમા બનાવ સ્થળે રોડ ક્રોસ કરનાર મોટર સાયકલ ચાલકની બેદરકારી હતી કે ટ્રક ચાલકની તે બાબતે પણ કોઈ તપાસ કરવામા આવી હોય તેવુ જણાતુ નથી. ચાર્જશીટ મુજબ માત્ર રાત્રે જમવા ગયેલ ચાર મિત્રોના જ નિવેદન નોંધવામા આવેલા છે. આસપાસથી સ્વતંત્ર સાહેદોનો પુરાવો મળી શકે તેમ હોવા છતા નિવેદનો નોંધવામા આવેલ નથી. આમ, તપાસ કરનાર અમલદારને પણ તપાસવાનો કોઈ હેતુ રહેતો નથી. આમ, ફરીયાદપક્ષ ધ્વારા હાલના જ આરોપી ધ્વારા બેદરકારીભરી રીતે વાહન ચલાવવામા આવેલ હતુ તેવી હકીકત પુરવાર કરતા તદન સ્પષ્ટ અને નિ:શંક પુરાવા રેકર્ડ પર આવેલ નથી. આવા સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. ફરીયાદપક્ષના પુરાવાઓમા જે કોઈ ખામી કે શંકા રહેલ છે તેનો લાભ આરોપીપક્ષને ફાળે રહે છે.

આમ, ઉપરોકત ચર્ચા મુજબ આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ તહોમત નિ:શંકપણે પુરવાર કરવામા ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ

હોય મુદા નં.૧ નો જવાબ નકારમા ઠરાવી મુદા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**:: આખરી હુકમ ::**

૧) આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૫ અન્વયે ઈન્ડીયન પીનલ કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટ કલમ–૧૭૭,૧૮૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) સદર આરોપીએ ક્રિ.પ્રો.કોડ ની કલમ–૪૩૭(એ) મુજબ રૂ.૫૦૦૦/– ના જામીન અપીલ પિરીયડ સુધીના આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ:૨૦/૦૫/૨૦૨૬
સ્થળ : ઝગડીયા.

**(ઈ.આર.ક્ષત્રિય)**
એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ઝગડીયા.
**યુનીક જજ કોડ – જી.જે.૦૧૧૯૭**